
# ‘જિસ દેશ મેં ગંગા બેહતી હૈ’ ના સેટ પર અસલી ડાકુઓ કેમ હતા?

દોસ્તો, આજે આપણે ટાઈમ મશીનમાં બેસીને સીધા પહોંચી જવું છે વર્ષ 1960માં. એ જમાનો જ્યારે થિયેટરમાં બ્લેક એન્ડ વ્હાઈટ પડદા પર સિલ્વર જ્યુબિલી ફિલ્મોની ધૂમ મચતી હતી. બોલિવૂડના અસલી ‘શોમેન’ રાજ કપૂર સાહેબની એક એવી ફિલ્મ આવી જેણે બોક્સ ઓફિસ અને લોકોના દિલ જીતી લીધા હતા. ફિલ્મનું નામ હતું– ‘જિસ દેશ મેં ગંગા બેહતી હૈ’. ફિલ્મની પાછળના કિસ્સાઓ એટલા મજેદાર છે કે વાંચીને તમે કહેશો, અરે બોસ, આવું પણ બન્યું હતું?

આવો, આ ક્લાસિક ફિલ્મના એવા અજાણ્યા અને ‘મસાલેદાર’ ફેક્ટ્સ પર નજર કરીએ જે કદાચ ગુગલ બાબા પણ તમને એકસાથે નહીં કહે!

તમને એમ હશે કે કોઈ રાઈટરે એસી રૂમમાં બેસીને આ ફિલ્મની સ્ક્રિપ્ટ લખી નાખી હશે? ના ભાઈ ના! આ ફિલ્મ બનાવવાની પ્રેરણા રાજ કપૂર સાહેબને મહાત્મા ગાંધીના પરમ શિષ્ય આચાર્ય વિનોબા ભાવે પાસેથી મળી હતી. 60ના દાયકામાં વિનોબા ભાવેએ ચંબલના ખુંખાર ડાકુઓનું હૃદય પરિવર્તન કરાવીને તેમનું આત્મસમર્પણ કરાવ્યું હતું. આ રિયલ સ્ટોરી ફિલ્મના સિનેમેટોગ્રાફર રાધુ કર્માકરે રાજ કપૂરને સંભળાવી. રાજ સાહેબ તો ખુશ-ખુશ થઈ ગયા અને બોલ્યા, ‘પૈસા હું લગાડીશ, પણ ડિરેક્શન તારે જ કરવું પડશે! આ રીતે રાધુ કર્માકર કેમેરામેનમાંથી સીધા ડિરેક્ટર બની ગયા.



જ્યારે રાજ કપૂરે પોતાની કિંગ મેકર જોડી - ગીતકાર શૈલેન્દ્ર અને સંગીતકાર શંકર-જયકિશનને આ સ્ક્રિપ્ટ સંભળાવી, ત્યારે તેઓ ભડક્યા! તેમણે સાફ કહી દીધું, રાજ સાહેબ, આ ડાકુઓની સ્ટોરીમાં ગીતો ક્યાં ફિટ કરશો? પબ્લિક ગીતો વગર થિયેટરમાંથી ભાગી જશે, આવું જોખમ ન લો, પણ રાજ કપૂર એટલે શોમેન! તેમણે હસીને કહ્યું, તમે ચિંતા ન કરો, સિચ્યુએશન હું ઊભી કરીશ અને પછી જે ગીતો બન્યા, તે વર્ષો પછી પણ લોકો સાંભળે છે. સ્ટોરી એટલી ટચિંગ હતી કે તે જ મીટિંગમાં શૈલેન્દ્રજીએ ફિલ્મના ટાઈટલ સોંગના બોલ લખી નાખ્યા– ‘હોઠોં પે સચ્ચાઈ રહતી હૈ, જહાં દિલ મેં સફાઈ રહતી હૈ, હમ ઉસ દેશ કે વાસી હૈ જિસ દેશ મેં ગંગા બેહતી હૈ...’ કહેવાય છે કે આ લાઈનો સાંભળીને સંગીતકાર શંકર-જયકિશનની આંખમાં આંસુ આવી ગયા હતા!

સિનેમા લવર્સ જાણે છે કે રાજ કપૂર અને નર્ગિસની જોડી એ જમાનામાં સુપરહિટ હતી. રાજ સાહેબ આ ફિલ્મમાં પણ નર્ગિસને લેવા માંગતા હતા, પણ તે સમયે બંનેના રસ્તા અલગ થઈ ચૂક્યા હતા અને નર્ગિસે સુનિલ દત્ત સાથે લગ્ન કરી લીધા હતા.

ત્યારે એન્ટ્રી થઈ સાઉથની બ્યુટી પદ્મિનીની. આની પાછળ પણ મસ્ત કિસ્સો છે. રાજ કપૂરે પદ્મિનીને ભારતની કોઈ ફિલ્મમાં નહીં, પણ રશિયાના મોસ્કો ફિલ્મ ફેસ્ટિવલમાં ક્લાસિકલ ડાન્સ કરતા જોયા હતા. તેમનો ડાન્સ જોઈને રાજ સાહેબ એવા ફ્લેટ થઈ ગયા કે સ્ટેજ પર એવોર્ડ આપતી વખતે જ મનોમન નક્કી કરી લીધું, મારી નેક્સ્ટ હિરોઈન આ જ બનશે!

આ ફિલ્મના શૂટિંગ માટે આર.કે. સ્ટુડિયોમાં ડાકુઓની આખી વસ્તી ઊભી કરવામાં આવી હતી. અસલી ફીલ લાવવા માટે મધ્ય પ્રદેશના જબલપુરમાં આવેલા ભેડાઘાટ (નર્મદા નદી કિનારે) પણ શૂટિંગ થયું, પણ સૌથી મજેદાર વાત એ છે કે, વિનોબા ભાવે સામે સરેન્ડર કરી ચૂકેલા કેટલાક ‘રિયલ ડાકુઓ’ને પણ શૂટિંગ દરમિયાન સેટ પર રાખવામાં આવ્યા હતા! આ રિયલ ડાકુઓ એક્ટર્સને ટ્રેનિંગ આપતા હતા કે ડાકુઓ કેવી રીતે ચાલે, કેવી રીતે બોલે અને કેવું બિહેવિયર રાખે! મતલબ, મેથડ એક્ટિંગની નેક્સ્ટ લેવલ ટ્રેનિંગ!


આ ફિલ્મનું ક્લાઈમેક્સ સોંગ હતું આ અબ લૌટ ચલેં. આ ગીત કોઈ સામાન્ય રીતે રેકોર્ડ નહોતું થયું. લતા મંગેશકર, ગીતા દત્ત, મુકેશ, મન્ના ડે અને મહેન્દ્ર કપૂર જેવા દિગ્ગજ સિંગર્સ અને હજારો મ્યુઝિશિયન્સ સતત 48 કલાક સુધી રેકોર્ડિંગ સ્ટુડિયોમાં જ રહ્યા! જમવાનું પણ સ્ટુડિયોમાં જ મગાવાયું. 48 કલાકની અખંડ મહેનત પછી આ કલ્ટ ગીત તૈયાર થયું હતું.

મુવિયાના

આ જ ગીતમાં લતાજીએ જે શરૂઆતમાં ‘આલાપ’ લીધો છે, તેની પાછળ પણ એક ડ્રામા છે. એક રાત્રે 11 વાગ્યે રાજ કપૂરે લતાજીને ફોન કરીને તાત્કાલિક સ્ટુડિયો બોલાવ્યા. સંગીતકાર જોડી શંકર-જયકિશન આ આલાપની વિરુદ્ધ હતા, તેમને લાગતું હતું કે આનાથી ગીત બગડશે, પણ રાજ સાહેબ અડી ગયા. આજે પણ એ આલાપ સાંભળીને ગુસબમ્સ આવી ગયા.

રાજ કપૂરની પોપ્યુલારિટી માત્ર ભારતમાં જ નહીં, વિદેશોમાં પણ અદભુત હતી. એકવાર તેમને ઈરાનમાં એક ટીવી સ્ટેશનના ઉદ્ઘાટન માટે ચીફ ગેસ્ટ તરીકે બોલાવવામાં આવ્યા. સામાન્ય રીતે નેતાઓ રિબન કાપીને નીકળી જાય, પણ રાજ સાહેબ તો છેવટે કલાકાર! તેઓ સ્ટેજ પર ધોતી-કુર્તો પહેરીને, હાથમાં ઢોલક લઈને પહોંચી ગયા અને જાતે ઢોલક વગાડીને ગીત ગાયું ‘હમ ઉસ દેશ કે વાસી હૈ... ઈરાનના લોકો તો જોતા જ રહી ગયા! આ ફિલ્મના ગીતો એટલા હિટ હતા કે ભવિષ્યના ડિરેક્ટર્સે તેના ગીતોના લિરિક્સ પરથી આખી ફિલ્મોના નામ રાખી દીધા. જેમ કે:

વર્ષ 1999માં ઋષિ કપૂરે ઐશ્વર્યા રાય અને અક્ષય ખન્નાને લઈને ફિલ્મ બનાવી ‘આ અબ લૌટ ચલેં’




**જ્યારે રાજ કપૂરે પોતાની કિંગ મેકર જોડી - ગીતકાર શૈલેન્દ્ર અને સંગીતકાર શંકર-જયકિશનને આ સ્ક્રિપ્ટ સંભળાવી, ત્યારે તેઓ ભડક્યા! તેમણે સાફ કહી દીધું, રાજ સાહેબ, આ ડાકુઓની સ્ટોરીમાં ગીતો ક્યાં ફિટ કરશો?**

વર્ષ 1989ની સલમાન ખાનની ઓલ-ટાઈમ બ્લોકબસ્ટર ‘મેંને પ્યાર કિયા’ પણ આ ફિલ્મના ગીત ‘હો મેંને પ્યાર કિયા’ પરથી પ્રેરિત હતી.

વર્ષ 2000માં ગોવિંદાની ફિલ્મ આવી ‘જિસ દેસ મેં ગંગા રહેતા હૈ’, જેનું કેરેક્ટર પણ આ ફિલ્મના રાજ કપૂરના ‘રાજુ’ જેવું જ ભોળું હતું અને હા, જ્યારે રાજ કપૂર કોલકાતામાં હુગલી નદીના કિનારે દક્ષિણેશ્વર મંદિરે ગયા, ત્યારે ત્યાં એક સાધુએ તેમને રામકૃષ્ણ પરમહંસ અને તોતાપુરી મહારાજનો કિસ્સો સંભળાવ્યો હતો, જેમાં લાઈન હતી ‘રામ તેરી ગંગા મૈલી’. બસ, આ જ લાઈન રાજ સાહેબના મગજમાં ફિટ થઈ ગઈ અને 25 વર્ષ પછી (1985માં) તેમણે આ જ નામથી પોતાની છેલ્લી સુપરહિટ ફિલ્મ બનાવી!

તો બોસ, આવી હતી આપણી ગંગા મૈયા અને રાજ કપૂર સાહેબના ‘રાજુ’ની ક્રેઝી સફર! •

# અનુ મલિકની જિદને કારણે બન્યું ગીત ‘છમ્મા છમ્મા’


90sની એ સદાબહાર સંગીતની સફર, જ્યારે બોલિવૂડે આપણને એવા સુપરહિટ ટ્રેક્સ આપ્યા જે આજે પણ વાઈરલ ટ્રેન્ડ્સ અને આપણી લૂપ-લિસ્ટમાં રાજ કરે છે. જમાનો ભલે બદલાયો, પણ આ ગીતોની વાઈબ્સ આજે પણ કિંગ છે!

આવી જ એક સુપર-ડુપર હિટ વાઈબ એટલે રાજકુમાર સંતોષીની ‘ચાઈના ગેટ’ ફિલ્મનું સદાબહાર આઈટમ સોંગ ‘છમ્મા છમ્મા’! ઉર્મિલા માતોંડકરના એ કિલર ડાન્સ મૂવ્સ અને આઈકોનિક લુકની સાથે આ ગીત તેના ક્રેઝી લાઉડ મ્યુઝિક માટે આજે પણ એટલું જ પોપ્યુલર છે. રિસેન્ટલી જ ફેમસ મ્યુઝિક ડિરેક્ટર અનુ મલિકે આ ગીતના મેકિંગ પાછળના કેટલાક અનટોલ્ડ અને ઈન્ટરેસ્ટિંગ કિસ્સાઓ શેર કર્યા છે. કેવી રીતે આ આખું ગીત કમ્પોઝ થયું અને રેકોર્ડિંગ સમયે કલાકારોએ કેવો જબરદસ્ત સંઘર્ષ કરવો પડ્યો હતો.

મ્યુઝિક મોમેન્ટ

અનુ મલિકે જણાવ્યું કે જ્યારે તેઓ આ ટ્રેક પર કામ કરી રહ્યા હતા, ત્યારે તેમને કંઈક હટકે અને આઉટ-ઓફ-ધ-બોક્સ કરવું હતું. નોર્મલી, બોલિવૂડમાં પાયલ અને ઘુંઘરૂના અવાજ માટે ‘છમ છમ બાજે પાયલિયા’ જેવા જૂના અને ઘસાઈ ગયેલા શબ્દોનો જ ટ્રેન્ડ હતો, પણ અનુ મલિકના મગજમાં કંઈક અલગ જ ગેમ ચાલી રહી હતી. તેમણે આ સ્ટીરિયોટાઈપ સ્ટાઈલને તોડીને એક નવો ટ્વિસ્ટ આપવાનું નક્કી કર્યું. તેમણે વિચાર્યું, ‘હું આ શબ્દોને બદલીને ‘છમ્મા છમ્મા’ કરી દઉં! બસ, આ એક નાનકડા પણ ક્રાંતિકારી આઈડિયાએ ગીતની આખી વાઈબ અને રિધમ જ બદલી નાખી!

તેમના મગજમાં એ ધૂન સતત ચાલી રહી હતી. તેઓ પોતાની જ મસ્તીમાં ગણગણતા હતા: ‘છમ્મા છમ્મા દેખા દેખી દિલ મેરા ઉડ ગયા રે’. જ્યારે તેઓ સ્ટુડિયોમાં આ રીતે ચિલ મૂડમાં ગીત કમ્પોઝ કરી રહ્યા હતા, ત્યારે આજુબાજુના બધા જ મ્યુઝિશિયન્સ અને લોકો લિટરલી શાંત થઈ ગયા. ગીતનો તાલ અને તેની રિધમ એટલી કેચી હતી કે જેણે પણ સાંભળ્યું એ બસ જોતું જ રહી ગયું! મ્યુઝિક અરેન્જમેન્ટમાં પણ પાયલ અને ઘુંઘરૂના રણકાર સાથે એ આઈકોનિક ‘ટન ટન ટન ટન ટન ડન ડન’ વાળા સાઉન્ડ પર ખાસ ફોકસ કરાયું હતું. દરેક ઈન્સ્ટ્રુમેન્ટ અને દરેક બીટ માત્ર એક જ વાઈબને કનેક્ટ કરતી હતી - ‘છમ્મા છમ્મા’!



‘છમ્મા છમ્મા’ ટ્રેકને માત્ર એક નોર્મલ ડાન્સ નંબર બનાવવાને બદલે સંગીતની દૃષ્ટિએ નેક્સ્ટ લેવલ પર લઈ જવામાં આવ્યો હતો. અનુ મલિકે આ ગીતમાં ક્લાસિકલ મ્યુઝિકનો તડકો લગાવવા માટે એક મસ્ત એક્સપરિમેન્ટ કર્યો. તેમણે ગીતની શરૂઆત અને વચ્ચે આવતા પાવરફુલ ‘આલાપ’ માટે વન એન્ડ ઓન્લી શંકર મહાદેવનને પસંદ કર્યા. શંકર મહાદેવને



પોતાની સિગ્નેચર સ્ટાઈલમાં જે શાસ્ત્રીય આલાપ ગાયો, તેણે ગીતની એનર્જી અને વાઈબને લિટરલી ડબલ કરી દીધી!

પણ બોસ, આ ગીતના રેકોર્ડિંગ પાછળની અસલી અને સુપર ઈન્સ્પાયરિંગ સ્ટોરી તો મેઈન સિંગર અલકા યાજ્ઞિક સાથે જોડાયેલી છે. જે દિવસે ગીત રેકોર્ડ કરવાનું હતું, એ જ દિવસે અલકાજી ખૂબ બીમાર હતાં અને તેમને લિટરલી 103 ડિગ્રી તાવ હતો! આવી

**નોર્મલી, બોલિવૂડમાં પાયલ અને ઘુંઘરૂના અવાજ માટે ‘છમ છમ બાજે પાયલિયા’ જેવા જૂના અને ઘસાઈ ગયેલા શબ્દોનો જ ટ્રેન્ડ હતો, પણ અનુ મલિકના મગજમાં કંઈક અલગ જ ગેમ ચાલી રહી હતી.**

કંડિશનમાં કોઈ પણ આર્ટિસ્ટ માટે ગાવું તો દૂર, બેડ પરથી ઊભા થઈને સ્ટુડિયો પહોંચવું પણ નેક્સ્ટ ટુ ઈમ્પોસિબલ હોય. અલકાજીએ ફોન કરીને કહી જ દીધું, ‘સર, તબિયત બહુ ખરાબ છે, હું આજે નહીં આવી શકું’, પણ અનુ મલિક માટે આ ટ્રેક રેકોર્ડ કરવો સુપર અર્જન્ટ હતો. તેમણે આગ્રહ કરતા કહ્યું, મેડમ, પ્લીઝ... ગીત બહુ અર્જન્ટ છે અને તમારા અવાજ વગર આમાં એ વાત નહીં આવે!

એક પ્યોર આર્ટિસ્ટની જેમ, અલકા યાજ્ઞિકે પોતાની વિકનેસ અને તાવને સાઈડમાં મૂકીને સ્ટુડિયો પહોંચવાનો મોટો નિર્ણય લીધો. 103 ડિગ્રી તાવ હોવા છતાં, જ્યારે તેઓ માઈક સામે ઊભા રહ્યા, ત્યારે તેમણે પોતાની તકલીફ અવાજમાં સહેજ પણ ઝલકવા ન દીધી. અનુ મલિકે આ ક્ષણને યાદ કરતાં ફૂલ ગર્વ સાથે જણાવ્યું કે, તે છોકરીએ જે ગીત ગાયું છે ને, ઘેટ વોઝ અમેઝિંગ! તેણે જે જોશ અને નેક્સ્ટ લેવલ એનર્જી સાથે આ ગીતને ન્યાય આપ્યો, તે ખરેખર પ્રશંસનીય છે. તાવની આવી હાલતમાં પણ અલકાજીના અવાજનો જાદુ ઓછો ન થયો અને તેમણે બોલિવૂડ હિસ્ટ્રીનું સૌથી યાદગાર અને હાઈ-એનર્જી ટ્રેક રેકોર્ડ કરી દીધું, જે આજે પણ લગ્નો અને પાર્ટીઓમાં ધૂમ મચાવે છે! •

# 103 ડિગ્રી તાવ, પૂર અને ‘ચાલબાજ’નું શૂટિંગ!



બોલિવૂડની ઘણી એવી ફિલ્મો છે જે ફિલ્મની સ્ટોરી કરતા તે ફિલ્મ બનવા પાછળનાં કિસ્સાઓ વધારે મજેદાર હોય છે. 1989 માં રિલીઝ થયેલી ફિલ્મ ‘ચાલબાજ’ પંકજ પરાશરના નિર્દેશનમાં બનેલી આ કોમેડી-ડ્રામા ફિલ્મમાં શ્રીદેવીએ ‘અંજુ’ અને ‘મંજુ’ નામની ટ્વિન્સ સિસ્ટરની સ્ટોરી હતી. રજનીકાંત અને સન્ની દેઓલ હોવા છતાં, આખી ફિલ્મ શ્રીદેવીના ખભા પર ટકેલી હતી. આજે પણ આ ફિલ્મના સોંગ અને ડાયલોગ્સ લોકોના ઝહેનમાં છે, પરંતુ આ ફિલ્મના મેકિંગનો ખર્ચ એટલો જ ઈંટ્રેસ્ટિંગ છે જેટલી આ ફિલ્મ પોતે હતી.

‘ચાલબાજ’ ફિલ્મનું શૂટિંગ માત્ર કેમેરાની પાછળની ટેકનિક પૂરતું મર્યાદિત નહોતું, પરંતુ એક્ટરોના સમર્પણની પણ એક અનોખી મિસાલ હતું.

પરદે કે પીછે

આ ફિલ્મનું સૌથી લોકપ્રિય સોંગ ‘ના જાને કહાં સે આઈ હૈ’ આજે પણ આઈકોનિક ગણાય છે. પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે જ્યારે આ સોંગનું શૂટિંગ થઈ રહ્યું હતું ત્યારે શ્રીદેવીને 103 ડિગ્રી જેટલો સખત તાવ હતો. વરસાદના પાણીમાં પલળવાનું હોવા છતાં, તેમણે શૂટિંગ રોકવાની ના પાડી દીધી. તેમણે સોંગ પૂરું કર્યું અને તેમની આ પ્રોફેશનલિઝમને કારણે જ આ સોંગ સુપરહિટ સાબિત થયું. જ્યારે અંજુ અને મંજુ એકબીજાની સામે વાતો કરતી હોય, ત્યારે શ્રીદેવીએ સામે કોઈ એક્ટર વગર, માત્ર હવામાં ખાલી જગ્યા

**મંજુના હટકે વેસ્ટર્ન આઉટફિટ્સ અને અંજુના ટ્રેડિશનલ સાડી લુક પાછળ તે જમાનામાં લાખો રૂપિયાનો ખર્ચ કરાયો હતો, જે સામાન્ય રીતે તે સમયની હિરોઈનો પર નહોતો કરાતો**

તરફ જોઈને ડાયલોગ બોલવાના રહેતા. જો શ્રીદેવીની આંખની કીકી સહેજ પણ આડી-અવળી થાય, તો આખો સીન બગડી જતો અને શૂટિંગ ફરીથી કરવું પડતું. કલાકો સુધી એક જ જગ્યાએ સ્થિર ઊભા રહીને બે અલગ-અલગ હાવભાવ આપવાને કારણે શ્રીદેવીને અસહ્ય માથાનો દુખાવો અને આંખોમાં તણાવ થઈ જતો હતો.

સાઉથના ફિલ્મસ્ટાર સાથે કામ કરી ચૂકેલા રજનીકાંત અને શ્રીદેવી વચ્ચે અદભુત તાલમેલ હતો. રજનીકાંતે એક ઈન્ટરવ્યુમાં સ્વીકાર્યું હતું કે શ્રીદેવી સામે એક્ટિંગ કરવી એ એક મોટો પડકાર હતો, કારણ કે શ્રીદેવી પોતાના એક્સપ્રેશન્સથી આખા સીન પર છવાઈ જતા હતા.

ફિલ્મનો મોટો હિસ્સો મદ્રાસની એક સ્ટુડિયોમાં શૂટ થઈ રહ્યો હતો. તે દરમિયાન ત્યાં અચાનક ભારે વરસાદ પડ્યો અને આખા શહેરમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ. સ્ટુડિયોના આખાય સેટ પર ઘૂંટણ સુધી પાણી ભરાઈ ગયા હતા. વીજળી ગુલ થઈ ગઈ હતી અને ટ્રાન્સપોર્ટ સંપૂર્ણ બંધ થઈ ગયું હતું.

1989ના સમયમાં આજની જેમ આધુનિક VFX કે ડિજિટલ ટેકનોલોજી નહોતી. અંજુ અને મંજુને એક જ ફ્રેમમાં બતાવવા માટે મેન્યુઅલ કૅમેરા ટ્રિક્સ અને ડબલ એક્સપોઝર ટેકનિકનો ઉપયોગ થતો હતો. એક જ સીન ભજવવા માટે શ્રીદેવીએ કલાકો સુધી કપડાં અને મેકઅપ બદલવા પડતા હતા, જે ખૂબ જ કંટાળાજનક અને મહેનત માંગી લે તેવું કામ હતું. શ્રીદેવીના બંને પાત્રો (અંજુ - ડરેલી, શાંત છોકરી અને મંજુ - બિન્દાસ, દારૂ પીનારી છોકરી) ના લુક ડિઝાઈન કરવા માટે સ્પેશિયલ કોસ્ટ્યુમ ડિઝાઈનર રોકવામાં આવ્યા હતા. મંજુના હટકે વેસ્ટર્ન આઉટફિટ્સ અને અંજુના ટ્રેડિશનલ સાડી લુક પાછળ તે જમાનામાં લાખો રૂપિયાનો ખર્ચ કરાયો હતો, જે સામાન્ય રીતે તે સમયની હિરોઈનો પર નહોતો કરાતો. તે જમાનાના હિસાબે ‘ચાલબાજ’ એક મોટા બજેટની મલ્ટિસ્ટારર ફિલ્મ હતી.

શ્રીદેવી તે સમયે બોલિવૂડમાં સૌથી વધુ ફી લેનારી અભિનેત્રી હતા અને આ ફિલ્મ માટે પણ તેમણે તગડી રકમ વસૂલી હતી. જો 1989ના 3 કરોડના બજેટને આજના ફુગાવા (Inflation) અને કરન્સી વેલ્યુ સાથે સરખાવવામાં આવે, તો તે આજના સમયના લગભગ 45 થી 50 કરોડ બરાબર થાય. તે સમયે ફિલ્મે કરેલી 9.50 કરોડની કમાણી આજે સરળતાથી 150+ કરોડની ક્લબમાં સામેલ થઈ શકે તેટલી મોટી ગણાય. આ ફિલ્મ તે વર્ષની પાંચમી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની હતી. •